વેપારીના જ્વેલર્સમાં કામ કરતા શખ્સે તેના જમાઈ સાથે મળી સોના-ચાંદી, રોકડની ચોરી કરી હતી

બગોદરા પાસેથી રૂ. ૬૦ લાખની મતાની ચોરી કરનાર બે આરોપી મુંબઈથી પકડાયા

સટ્ટામાં દેવું થતા ચોરીનું નાટક રચ્યું, મુંબઈમાં એક અઠવાડિયામાં જ ડાન્સબાર-દારૂ પીવામાં દસ લાખ ઉડાવ્યા

। બગોદરા ।

બગોદરામાં થોડા દિવસો અગાઉ સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ. ૬૦ લાખની ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. જેના આધારે પોલીસે તપાસ શરૂ કરીને જ્વેલર્સમાં કામ કરતા મામાજી સસરા અને ભાણેજ જમાઈએ સાથે મળીને માલિક સાથે દગો કરી લાખોની મત્તાની ચોરી કરી હતી. પોલીસે આરોપીઓને ગણતરીના કલાકોમાં મુંબઈથી ઝડપી પાડ્યા હતા. આરોપીઓને ક્રિકેટ સટ્ટામાં દેવું થઈ જતા ચોરીનું નાટક રચીને માલિક સાથે ઠગાઈ આચરી હતી. મુખ્ય આરોપી ચોરી કરીને મુંબઈ જતો રહ્યો હતો અને ડાન્સબારમાં તથા દારૂ પીવામાં એક જ અઠવાડિયામાં રૂ.૧૦ લાખ ઉડાવી માર્યા હતા. હાલમાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

રાજકોટમાં રહેતા ધીરૂભાઈ નડિયાપરા એમ.કે.ઓર્નામેન્ટની પેઢી ધરાવે છે. તેઓ જ્વેલર્સની દુકાન પણ ધરાવે છે. તેમણે બગોદરા પોલીસ સ્ટેશનમાં થોડા દિવસો અગાઉ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ શરૂ કરીને બે આરોપીઓને મુંબઈથી ઝડપી લીધા હતા. આરોપીઓની પૂછપરછ કરતા સામે આવ્યું કે તેમની પેઢીમાં કામ કરતો સુનિલ ત્રિવેદી ગત ૫ મેના રોજ આગ્રાથી જ્વેલર્સના સોના-ચાંદીના દાગીના અને રોકડ મળીને કુલ રૂ.૬૦ લાખની મત્તા લઈને રાજકોટ આવવા નીકળ્યો હતો. સુનિલ સાથે અન્ય ડ્રાઈવર સરફરાજ પણ હતો. સુનિલે તેના ભાણેજ જમાઈ સાથે મળીને લૂંટનો પ્લાન બનાવ્યો હતો અને બગોદરા પાસે પહોંચ્યા તે સમયે સુનિલ કારમાંથી ઉતરી ગયો અને સરફરાજને રાજકોટ પહોંચી જવા કહ્યું હતું. સુનિલે સરફરાજને કહ્યું કે તે માલિક સાથે બીજી ગાડીમાં આવશે તેમ કહીને દાગીના અને રોકડ રૂપિયા ભરેલી બેગ લઈને ઉતરી ગયો હતો. બાદમાં સુનિલ તેના ભાણેજ જમાઈ જોગેન ત્રિવેદીને બગોદરા બોલાવીને બંને ભાગી ગયા હતા. બંને આરોપી સંબંધમાં મામાજી સસરા અને ભાણેજ જમાઈ થાય છે. બંનેને ક્રિકેટના સટ્ટામાં દેવું થઈ જતા લૂંટનો પ્લાન ઘડ્યો હતો. દાગીના અને રોકડ લઈને સુનિલ મોજશોખ માટે મુંબઈ જતો રહ્યો હતો. જ્યાં ડાન્સબાર અને દારૂ પીવામાં એક જ અઠવાડિયામાં સુનિલે રૂ.૧૦ લાખ ઉડાવ્યા હતા. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરીને રૂ.૩૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ભીખુસિંહને પૂછ્યું, શું રજૂઆત કરી, તો કહે, યાદ નથી!

મંત્રી કુંવરજી બાવળિયાની પરામર્શ બેઠકમાં રાજ્યમંત્રી - નાયબ દંડકના પ્રશ્નો જ છવાયા

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ મંગળવારે પહેલીવાર તેમના હસ્તકના જળસંપત્તિ, પાણી પુરવઠા તેમજ અન્ન નાગરિક પુરવઠા તથા ગ્રાહકલક્ષી બાબતો અંગે બનેલી સાંસદો-ધારાસભ્યોની પરામર્શ કમિટીની બેઠક બોલાવી હતી, પણ ધારાસભ્યો કહે છે કે, રાજ્યકક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારના તથા વિધાનસભામાં ભાજપના નાયબ મુખ્ય દંડક રમણસિંહ સોલંકીના પ્રશ્નો જ બેઠકમાં છવાયેલા રહ્યાં હતા અને એમાં જ મિટિંગનો વધુ સમય વ્યતીત થયો હતો.

મોડાસાનું પ્રતિનિધિત્વ કરતા રાજ્યકક્ષાના મંત્રી ભીખુંસિંહ પરમારને પૂછતાં તેમણે કહ્યું હતું કે, મારા વિસ્તારના પાણી પુરવઠાના કામો તથા સરવેના કામો અંગે બેઠકમાં રજૂઆત કરી હતી, અલબત્ત એ રજૂઆતની વિગતો તેમની કશું યાદ નહીં હોવાનું જણાવ્યું હતું. જ્યારે બોરસદના રમણસિંહ સોલંકીને પૂછતાં તેમણે કહ્યું હતું કે, મહીનદી ઉપર બદલ તથા કારેલી ખાતે વિયર બાંધવાની યોજના ઝડપથી હાથ ધરવા રજૂઆત કરી હતી, જેની બે દિવસ અગાઉ કુંવરજી બાવળિયાએ વિઝિટ કરી હતી, તદુપરાંત કાંસો-નહેરો ઉપરના જર્જરિત થયેલા પુલો રિપેર કરાવવા પણ રજૂઆત કરી હતી.

જ્યારે ત્રિવેણી સંગમ ખાતે ચાણોદ-કરનાળી પાસે ઘાટ બનાવવાની ૧૦ વર્ષ અગાઉની રૂ.૪૦ કરોડની મંજૂર થયેલી યોજના ઝડપથી હાથ ધરવા તેમજ ડભોઈથી ચાણોદ જતાં આવતું ૮૫૦ વર્ષ જૂનું ઐતિહાસિક ટન તળાવ પાણીથી ભરવા ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ રજૂઆત કરી હતી.

મિલકતવેરાના બાકી લેણાં વસૂલવા AMC ટેક્સ વિભાગનું કડક વલણ

હોટલ હાઈલેન્ડનો ૧.૭૦ કરોડનો પ્રોપર્ટી ટેક્સ બાકી: રેવન્યૂ રેકર્ડમાં મિલકત પર બોજ નોંધાવાયો

સેટેલાઈટમાં બંધન પાર્ટી પ્લોટ પછી મિલકત પર બોજ મુકાયાનો બીજો કિસ્સો

। અમદાવાદ ।

AMC દ્વારા પ્રોપર્ટી ટેક્સના બાકીદારો માટે વ્યાજ માફી સ્કીમ અમલમાં મૂકવા છતાં ટેક્સ નહીં ભરનારા સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. AMC પ્રોપર્ટી ટેક્સ વિભાગ દ્વારા ટેક્સના બાકી લેણાં વસૂલવા માટે મિલકત ધારકની મિલકત પર બોજ ઉભો કરીને હરાજી કરવાની કવાયત હાથ ધરાઈ છે અને આ કવાયતના ભાગરૂપે અત્યાર સુધી રૂ. ૧.૭૦ કરોડનો મિલકતવેરો નહીં ભરનાર ચોઈસ રેસ્ટોરેન્ટ સામે આવેલી હોટલ હાઈલેન્ડ અંગે કલેક્ટર કચેરીમાં રેવન્યુ રેકર્ડમાં બોજ નોંધાવવામાં આવ્યો છે. AMCનો બાકી ટેક્સ ચૂકવવામાં ન આવે ત્યાં સુધી આ હોટલ વેચી શકાશે નહીં. જો ૩૦થી ૬૦ દિવસમાં ટેક્સ ભરી દેવામાં આવશે તો AMC દ્વારા NOC આપવામાં આવશે. જો ત્યાં સુધીમાં તે ટેક્સની ભરપાઈ નહીં કરે તો રેવન્યૂ રેકોર્ડમાં તેની પાકી નોંધ કરવામાં આવશે. અગાઉ, સેટેલાઈટમાં બંધન પાર્ટી પ્લોટના બાકી ટેક્સ બદલ બોજ મૂકવામાં આવ્યો હતો.

રેવન્યુ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, મોટી રકમનો ટેક્સનો બાકી હશે તેમની સામે ટેક્સ વિભાગ દ્વારા નોટિસથી લઈ અને મિલકત હરાજી સુધીની નોટિસ બાદ આવા બોજો પાડવાની કાર્યવાહી માટે કલેક્ટર સાથે મિટિંગ કરવામાં આવી હતી. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પાસે ઓર્ડર કરાવી અને મામલતદાર થકી બોજો પડાવવાની કાર્યવાહી કરવામાં આવશે. જ્યાં પણ કોર્ટ મેટર હશે ત્યાં આ કાર્યવાહી કરવામાં આવશે નહીં જોકે અમદાવાદમાં મોટી રકમનો બાકી હોય તેવી ૫,૦૦૦થી વધુ મિલકતો આવેલી છે.

ભરવાડ સમાજનું ગૌરવ
ભરવાડ ધર્મરાજ દિલીપભાઈ
ICSE બોર્ડ પરિણામ 81.5%
હાર્દિક શુભેચ્છા-
શ્રી ભવાન ભરવાડ
(પૂર્વ ચેરમેન-શીપ એન્ડ કુલ) (ગવર્મેન્ટ ઓફ ગુજરાત)
દિનેશ ભવાન ભરવાડ | વિક્રમ ભવાન ભરવાડ
અતિથિ ગોકુલ હોટલ પરિવાર

અમદાવાદ શહેરની એક ગ્રાન્ટેડ કોલેજ બંધ કરવા સંચાલકોએ યુનિ.ને પત્ર પાઠવ્યો

ગત વર્ષે ૩ કોલેજોએ બંધ કરવા અરજી કરી હતી પરંતુ યુનિ.એ સ્વીકારી નહોતી

। અમદાવાદ ।

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી શહેરની પી.ટી. ઠક્કર ગ્રાન્ટેડ કોલેજ દ્વારા ગત વર્ષની માફક આ વર્ષે પણ કોલેજ બંધ કરવા માટે પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. આ કોલેજના સંચાલકોએ ગત વર્ષે પણ બિલ્ડિંગ જર્જરિત હોવાનું કારણ આપી કોલેજ બંધ કરવા માટે પત્ર લખ્યો હતો પરંતુ રજૂઆત પહેલા યુનિ. દ્વારા વિદ્યાર્થીઓના પ્રવેશ ફાળવી દેવામાં આવ્યાં હોવાથી કોલેજ બંધ કરવાની અરજી સ્વીકારવામાં આવી નહોતી. જોકે આ વખતે વિદ્યાર્થીઓના પ્રવેશ ફાળવાય એ પહેલા સંચાલકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. આ વખતે પ્રવેશ શરૂ થાય એ પહેલા પી.ટી.ઠક્કર કોલેજના સંચાલકોએ રજૂઆત કરી છે કે, અમારી કોલેજનું બિલ્ડિંગ ૬૦ વર્ષ જૂનું અને જર્જરિત છે. કોલેજ બંધ કરવા માટે ગત વર્ષે અરજી કરી હતી પરંતુ અરજી સ્વિકારાઈ નહોતી. એટલુ જ નહી, ગત વર્ષની રજૂઆત હોવા છતાં હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

Mera
રુપ શ્રુંગાર
મારું રુપ શ્રુંગાર
સુંદર ત્વચા, આકર્ષક નિખાર
રૂપ શ્રુંગાર
ફેસ વોશ
સાબુ ક્રીમ
કરચલીઓ કાળા ધબ્બા કાળાશપણું
સંપૂર્ણ કોસ્મેટિક રેન્જ દરેક પ્રમુખ દવા વિક્રેતા પાસે ઉપલબ્ધ
9896134500

અમદાવાદ એરપોર્ટથી ૧૫ મિનિટમાં અંગો હોસ્પિટલે પહોંચાડાયા

સુરતથી પ્લેનમાં અમદાવાદ લવાયેલા હૃદય, ફેફસાં હોસ્પિટલે પહોંચાડવા ગ્રીન કોરિડોર

પ્રત્યારોપણ માટે યુએન મહેતામાં હૃદય, કે.ડી. હોસ્પિટલમાં ફેફસાં મોકલાયા

। અમદાવાદ ।

સુરતમાં બ્રેઈન ડેડ જાહેર થયેલા યુવાનના પરિવારે અંગદાન માટે નિર્ણય કર્યો હતો, અંગદાન માટે સંમિત મળતાં સોક્રો દ્વારા હૃદય અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલ અને ફેફસાં અમદાવાદની કે.ડી. હોસ્પિટલ ખાતે ફાળવવાનો નિર્ણય કરાયો હતો, અમદાવાદ ટ્રાફિક પોલીસે મંગળવારે સુરતથી લવાયેલા હૃદય અને ફેફસાંને હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે ગ્રીન કોરિડોર બનાવ્યો હતો, અમદાવાદ એરપોર્ટથી ૧૫ મિનિટના સમય ગાળામાં ફેફસાંને કે.ડી. હોસ્પિટલે અને હૃદયને યુ. એન. મહેતા હોસ્પિટલે તુરંત પહોંચાડાયા હતા.અમદાવાદ ટ્રાફિક પોલીસે એરપોર્ટથી યુએન મહેતા અને કેડી હોસ્પિટલ જવાના રસ્તા પર બે જુદા-જુદા ગ્રીન કોરિડોર કરીને એરપોર્ટથી માત્ર ૧૫ જેટલી મિનિટોમાં હૃદય અને ફેફસાને હોસ્પિટલોમાં પહોંચાડ્યા હતા. સુરતથી હૃદય અને ફેફસા ચાર્ટર વિમાન દ્વારા અમદાવાદ લવાયા હતા. ટ્રાફિક પોલીસે અમદાવાદ એરપોર્ટથી તપોવન સર્કલ, ઝુંડાલ ઓવરબ્રીજ થઈ વૈષ્ણદેવી સર્કલ સુધી ગ્રીન કોરિડોર કરીને ફેફસાને કે.ડી. હોસ્પિટલ સુધી પહોંચાડ્યા હતા. જ્યારે એરપોર્ટથી કેમ્પ સદરબજાર, ડફનાળા, વિઠ્ઠલનગર ચાર રસ્તા થઈને યુએન મહેતા સુધી ગ્રીન કોરીડોર કર્યો હતો.

G2 ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ ૨૦૨૩-૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૦૧/૨૦૨૩-૨૪	ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી ખાતેના નવા બની રહેલા બિલ્ડીંગમાં આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટેની જરૂરી સાધનો અને તેને લગતી તમામ વ્યવસ્થા ઉભી કરવાની કામગીરી	રૂ.૫૦૦૦/-	રૂ. ૧,૭૫,૦૦૦/-

ટેન્ડર ફોર્મની તા.૧૬/૦૫/૨૦૨૩ થી તા.૦૬/૦૬/૨૦૨૩ સુધી સમય ૧૩:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી. ના ડિમાન્ડ ડ્રાફ્ટ રજિસ્ટ્રાર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના નામે તા.૦૭/૦૬/૨૦૨૩ સમય ૧૬:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર્ડ પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટ મારફત મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

અન્ય વધુ માહિતી અને નિયમો તેમજ શરતો માટે વિગતવાર ટેન્ડર જોઈ લેવાનું રહેશે.

રજિસ્ટ્રાર,
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર

માહિતી/૩૩૯/૨૩-૨૪

મહમદ ટાટાના રિમાન્ડ પૂર્ણ થતા સાબરમતી જેલ હવાલે

। ભાવનગર ।

પાલીતાણાના ચકચારી રૂ. ૧૧૦૦ કરોડના જીએસટી કૌભાંડમાં સંડોવાયેલા ભાવનગરના મહમદ ટાટાનો સાબરમતી જેલમાંથી ટ્રાન્સફર વોરન્ટના આધારે કબજો મેળવાયો હતો. અને રિમાન્ડ મેળવાયા હતા. જે રિમાન્ડ આજે પૂર્ણ થતા તેને પાલીતાણા કોર્ટમાં રજુ કર્યા બાદ જેને આજે સાબરમતી જેલહવાલે કરી દેવાયો હતો. ગરીબ માણસો પાસેથી આધારકાર્ડ-પાનકાર્ડ મેળવી નાણાની લાલચ આપી તેના ડોક્યુમેન્ટમાં મોબાઈલ નંબર બદલી તેના આધારે જીએસટી નંબર મેળવી બોગસ જીએસટી કૌભાંડના મામલે પાલીતાણામાં ગુનો નોંધાયો હતો.

સુરતમાં પરિણીત પ્રેમીએ પ્રેમિકાના ગુપ્તાંગમાં મરચાંની ભૂકી નાંખી માર માર્યો

। કીમ ચારરસ્તા ।

ઓલપાડ તાલુકાના દેલાસા ગામે રહેતા પ્રેમીએ પોતાની પ્રેમિકાને પોતે પરિણીત હોવાનું માલૂમ પડી જતા જેનો વિરોધ કરતા હેવાનિયતની હદ વટાવી પ્રેમિકાના ગુપ્ત ભાગે મરચું નાંખી કેબલ વાયરથી માર મારી અંગત પળોના ફોટા વાયરલ કરી દેવાની ધમકી આપી શારીરિક શોષણ કરવા મામલે ઓલપાડ પોલીસે આરોપી પ્રેમી વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો નોંધી અટક કરતા ચકચાર મચી ગઈ હતી. ઓલપાડ તાલુકાના દેલાસા ગામે આહીર ફળિયામાં રહેતા નિકુંજકુમાર અમૃતભાઈ પટેલ પોતે પરિણીત હોવા છતાં ઓલપાડના એક ગામમાં પોતાના પરિવારથી અલગ રહેતી યુવતીને પ્રેમજાળમાં ફસાવી પ્રેમસંબંધ બાંધ્યો હતો. જોકે, સમય વિત્યે પ્રેમિકાને નિકુંજ પરિણીત હોવાનું માલૂમ પડી ગયું હતું.

bob World | बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda | Azadi Ka Amrit Mahotsav

રજિસ્ટર્ડ કાર્યાલયઃ બરોડા હાઉસ, પીબી નં.506, માંડવી, બરોડા - 390 006
કોર્પોરેટ કાર્યાલયઃ સી-26, જી-બ્લોક, બાંદરા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદરા (પૂર્વ), મુંબઈ - 400 051

સક્ષમ વેપાર વૃદ્ધિ અને નફાશક્તિ

કુલ બિઝનેસ ₹21,73,236 કરોડ — 16.6% વર્ષ દર વર્ષ
ચોખ્ખો નફો ₹14110 કરોડ — 94.0% વર્ષ દર વર્ષ
ઓર્ગેનિક રિટેલ લોન — 26.8% વર્ષ દર વર્ષ
એનએનપીએ — 0.89%

31 માર્ચ, 2023ના રોજ પૂરા થયેલ ત્રિમાસિક/વર્ષ માટેનાં તપાસાયેલ (સમીક્ષા કરેલ) સ્ટેન્ડઅલોન/કોન્સોલિડેટેડ નાણાંકીય પરિણામો

(₹ લાખમાં)

ક્ર. નં.	વિગતો	સ્ટેન્ડઅલોન				કોન્સોલિડેટેડ			
		પૂરા થયેલ ત્રણ માસ		પૂરા થયેલ વર્ષ		પૂરા થયેલ ત્રણ માસ		પૂરા થયેલ વર્ષ	
		31.03.2023	31.03.2022	31.03.2023	31.03.2022	31.03.2023	31.03.2022	31.03.2023	31.03.2022
		તપાસાયેલ	તપાસાયેલ	તપાસાયેલ	તપાસાયેલ	તપાસાયેલ	તપાસાયેલ	તપાસાયેલ	તપાસાયેલ
1	કામગીરીમાંથી કુલ આવક	2932274	2069590	9961438	8136473	3252806	2247046	11077798	8778019
2	ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પહેલાંનો)	665217	189876	1972664	938644	709589	201005	2056454	1000830
3	કરવેરા પહેલાંનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો)	665217	189876	1972664	938644	709589	201005	2056454	1000830
4	કરવેરા પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) આ સમયગાળા માટે (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વિગતો પછીનો)	477533	177877	1410962	727228	525517	203155	1490520	784969
5	કુલ વ્યાપક આવક આ સમયગાળા માટે [જેમાં સામેલ છે આ સમયગાળા માટે નફો/(નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી)]	સંદર્ભ : નોંધ 3							
6	પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી	103553	103553	103553	103553	103553	103553	103553	103553
7	રિઝર્વ્સ (રિવેલ્યૂએશન રિઝર્વને બાદ કરતાં)			9132662	7778738			9813076	8371723
8	સિક્યોરિટીઝ પ્રીમિયમ ખાતા	3131215	3131215	3131215	3131215	3143095	3143095	3143095	3143095
9	નેટવર્થ	7695107	6129873	7695107	6129873	8218643	6587468	8218643	6587468
10	પેઈડ અપ ડેબ્ટ કેપિટલ / બાકી ડેબ્ટ**	2311150	2283750	2311150	2283750	2347194	2340352	2347194	2340352
11	બાકી રિડીમેબલ પ્રેફરન્સ શેર્સ	લાગુ પડતું નથી							
12	ડેબ્ટ ઈક્વિટી રેશિયો*	0.43	0.53	0.43	0.53	0.47	0.56	0.47	0.56
13	શેર દીઠ આવક (પ્રત્યેક ₹2) (ચાલુ અને બંધ થયેલ કામગીરી માટે) – (વાર્ષિક નથી) બેઝિક (₹માં) ડાયલ્યુટેડ (₹માં)	9.23	3.44	27.28	14.06	10.16	3.93	28.82	15.18
14	મૂડી રિડેમ્પશન રિઝર્વ	લાગુ પડતું નથી							
15	ડિબેન્ચર રિડેમ્પશન રિઝર્વ	લાગુ પડતું નથી							

* ડેબ્ટ એકથી વધુ વર્ષની શેષ મેચ્યુરિટી સાથે ઋણ રજુ કરે છે. **પેઈડ અપ ડેબ્ટ કેપિટલ / બાકી ડેબ્ટ બેન્ક દ્વારા જારી ટિયર-1 અને ટિયર-2 બોન્ડ રજુ કરે છે.

નોંધઃ

1) ઉપરોક્ત, સેબી (લિસ્ટીંગ ઑબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલૉઝર રિક્વાયરમેન્ટ્સ) વિનિયમન, 2015 ના વિનિયમન 33 અને 52 હેઠળ સ્ટૉક એક્સચેંજમાં દાખલ કરેલા પૂરા થયેલ ત્રિમાસિક/વર્ષ માટેનાં નાણાંકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો સંક્ષિપ્ત ભાગ છે. વિગતવાર પૂરા થયેલ ત્રિમાસિક/વર્ષ માટેનાં નાણાંકીય પરિણામો સ્ટૉક એક્સચેંજની વેબસાઈટ www.bseindia.com, www.nseindia.com અને બેંકની વેબસાઈટ www.bankofbaroda.in પર ઉપલબ્ધ છે.
2) સંબંધિત મુદત માટે કર પશ્ચાત ચોખ્ખો નફો/(નુકસાન) માં સહયોગીઓએ નોંધાવેલી આવકનો હિસ્સો સમાવિષ્ટ છે અને તેમાં માઈનોરિટી વ્યાજ સમાવિષ્ટ નથી.
3) કુલ વ્યાપક આવક અને અન્ય વ્યાપક આવકને લગતી જાણકારી આપવામાં આવી નથી કારણ કે હજી સુધી આઈએનડી એએસ બેંકને લાગુ કરાવવામાં આવેલ નથી.

સ્થળ : મુંબઈ
તારીખ : 16.05.2023

ललિત ત્યાગી — એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર
જયદીપ દત્તા રાય — એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર
દેબાદત્ત ચાંદ — એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર
અજય કે. ખુરાના — એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર
સંજીવ ચક્કા — મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ